પી ભારતી(IAS)
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
એસપીઓ, એસએસએ

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નં.૦૭૯–૨૩૨૪૩૧૩૩
e-mail : - spdssa@gmail.com
Toll Free No.1800-233-7965

પત્રક્રમાંક : એસએસએ/૧૯૮/૨૦૨૦/ ૧૧૨૦૦-૧૧૨૧૦ 　　　　તા. ૯ .૩.૨૦૨૦

પ્રતિ,

પ્રાચાર્યશ્રી,
જિ.શિ.અને તાલીમ ભવન,
જિલ્લો : દાહોદ, નર્મદા

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લો : દાહોદ, નર્મદા

જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સમગ્ર શિક્ષા, જિલ્લા પ્રોજેકટ કચેરી,
જિલ્લો : દાહોદ, નર્મદા

**વિષય : અધ્યયન નિષ્પત્તિઓના મૂલ્યાંકન અંગે.**
**સંદર્ભ : એનસીઈઆરટીનો તા.૨૨.૧.૨૦૨૦નો પત્ર**

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નીતિ આયોગ ધ્વારા "Transformation of Aspirational Districts Programme" અમલીકૃત કરેલ છે. આ પ્રોગ્રામ અંતર્ગત ગુજરાતના નર્મદા અને દાહોદ જિલ્લામાં આ કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવેલ છે. આ જિલ્લાનો સામાજીક અને આર્થિક સ્થિતિના ક્ષેત્રોમાં સુધારો ચકાસણી માટે આ કાર્યક્રમ શરૂ થયેલ છે. નીતિ આયોગ રાષ્ટ્રીય સુચકાંકના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે.

વધુમાં એનસીઈઆરટી ધ્વારા નીતિ આયોગ તથા એમએચઆરડીના સહયોગથી આપના જિલ્લાની ધોરણ –૧ થી ૮ ની સરકારી પ્રાથમિક શાળા તથા સરકાર હસ્તકની પ્રાથમિક શાળાઓમાં અંદાજીત ૨૬–૨૭ માર્ચ ૨૦૨૦ના રોજ અધ્યપન નિષ્પત્તિ આધારીત મુલ્યાંકન કરવાનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં આપના જિલ્લાના બાળકોનો અધ્યપન નિષ્પત્તિ આધારીત ખૂબ જ સારો દેખાવ થાય અને આપણા રાજયનો પ્રોગ્રેસ સારો જોવા મળે તેવા પ્રયત્નો આપની કક્ષાએથી હાથ ધરવા તથા આપના જીલ્લામાં જરુરી સુચના આપવા વિનંતી છે.

વધુમાં આપના જિલ્લામાં ઉપરોકત સંદર્ભ અન્વયે જિલ્લાના પ્રાચાર્યશ્રી, ડીઈઓશ્રી, ડીપીસીશ્રી અને ટીપીઈઓશ્રી તથા તમામ બીઆરસીને અત્રેની કચેરીએથી વિડીયો કોન્ફરન્સ પણ કરવામાં આવનાર છે. જે ધ્યાને લઈ આગળ કાર્યવાહી કરવા આપશ્રીને વિનંતી છે.

(પી ભારતી)

નકલ સવિનય રવાના જાણ સારૂ-

- માન.સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ,ગાંધીનગર
- જિલ્લા કલેકટરશ્રી, દાહોદ અને નર્મદા
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, દાહોદ અને નર્મદા